# ખનીજ ચોરીના ૬ કરોડ ૬૦ લાખની વસુલી બાકી છે

## ૨૦૧૬માં ગાંધીનગરમાંથી ૬૦ કિલો ગૌમાંસ પકડી પડાયુ હતુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીના કેસોમાં રૂ. ૬.૬૦ કરોડની રકમ વસુલવાની બાકી હોવાનું રાજ્યના ખાણ ખનીજ વિભાગના મંત્રીએ કોંગીના બળદેવજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે આ રકમ એક વર્ષ બે વર્ષ અને ત્રણ વર્ષથી અલગ અલગ વસુલવાની બાકી છે. આ રકમ અપીલ, રિવીઝન, કોર્ટ કેસ સહીતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસુલવાની થતી હોવાથી બાકી છે.

**● ગૌ માંસ અને ગૌવંશ પકડાયા**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૬ અને ૨૦૧૭માં પકડાયેલ ગૌમાંસના જથ્થા અને ગૌવંશ અંગેના પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે ૨૦૧૬માં ૬૦ કિ.ગ્રા. માંસ જિલ્લામાંથી પકડાયુ હતુ. ૨૦૧૭માં ગૌ માંસ પકડાયુ નથી. તેમણે જણાવ્યુ હતુ કે ગૌવંશ ૨૦૧૬માં નવ અને ૨૦૧૭માં પાંચ પકડવામાં આવેલ છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાંથી ૧૦ જેટલા આરોપીઓની ધરપકડ કરી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
- પ્રકાશ જહા

**● લીઝનું ચેકિંગ**

ધારાસભ્ય મોહનભાઈ વાળાએ ગાંધીનગર જિલ્લામાં ખાણ લીઝના ચેકિંગ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૬માં ૮ વખત ચેકિંગ કરવામાં આવ્યુ હતુ અને રૂ. ૩ કરોડ ૨૧ લાખની ખનીજ ચોરી પકડવામાં આવી હતી. ૨૦૧૭માં એક પણ લીઝ કે ખાણની તપાસ કરવામાં આવી ન હતી તેથી ચોરી પકડાઈ નથી. તેમણે જણાવ્યુ છે કે પકડાયેલ ચોરીમાં ૧૦ ઈસમો પાસેથી રૂ. ૨૬.૧૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ૧૦ ઈસમો પાસેથી રૂ. ૨ કરોડ ૬૭ લાખની વસુલાત માટેના હુકમો કરવામાં આવ્યા છે એટલુ જ નહિ બે ઈસમોને રૂ. ૨૬.૯૧ લાખની ભરપાઈ કરવા માટે કારણદર્શક નોટીસ પણ પાઠવવામાં આવેલ છે.

## ગાંધીનગરમાં બે વર્ષમાં ૧૬૪૦ ગુના નોંધાયા

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન લૂંટના ૫૭, ખૂનના ૩૪, ધાડના ૨૦, ચોરીના ૬૬૬, બળાત્કારના ૨૧, અપહરણના ૧૭૯, આત્મહત્યાના ૩૯૫ અને ઘરફોડ ચોરીના ૨૬૮ બનાવો નોંધાયા છે. કોંગીના સુરેશભાઈ પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રીએ ઉપરોક્ત વિગતો આપી છે.

તેમણે જણાવ્યુ છે કે વિવિધ ગુનાઓમાં સપડાયેલા ૧૦૫૨ વ્યક્તીઓની ધરપકડ પણ કરી લેવામાં આવી છે.

# ગાંધીનગરમાં ૧૬૦ કરોડના વિકાસકામો સૂચવાયા

**રેલવે ટ્રેક નીચે અન્ડરબ્રીજ, જીવરાજ મહેતા ભવનમાં બહુમાળી બ્લોક, અર્બનભવન, સિવિલનું વિસ્તૃતીકરણ અને કાર્ડિયાકનું સેટેલાઈટ સેન્ટર બનશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવના સંકેત સાથે આ માટે રૂ. ૧૫ કરોડની વિશેષ ફાળવણી કરવાની જાહેરાત રાજ્યના અંદાજપત્રીય પ્રવચનમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી છે.

પાટનગર માટે તેમના અંદાજપત્રીય પ્રવચનમાં પ્રથમ નજરે જ રૂ. ૧૬૦ કરોડથી પણ વધુના વિકાસકામોની જાહેરાત કરવા સાથે જીવરાજ મહેતા ભવનમાં પણ હવે સુધારણા અને નવા બહુમાળી મકાનના બાંધકામની વાત કહી છે.

નાયબ મુખ્યમંત્રીએ તેમના આ અંદાજપત્રીય પ્રવચનમાં રૂ. બે કરોડ અર્બન ભવનના નિર્માણ પાછળ, રૂ. ૪૨ કરોડ કર્મયોગી ભવનમાં વધુ બે બ્લોકના નિર્માણ માટે પણ ફાળવવામાં આવશે તેવી સ્પષ્ટ જાહેરાત સાથે કન્સ્ટ્રક્શનક્ષેત્રે ગાંધીનગર કેટલુ ધમધમશે તેના સ્પષ્ટ સંકેત આપેલ છે.

નાયબ મુખ્યમંત્રીએ ગાંધીનગરના આરોગ્યની પણ એટલી જ ચિંતા કરી અને જીએમઈઆરએસ હસ્તકની સિવિલ હોસ્પિટલના વિસ્તૃતીકરણ માટે પણ રૂ. ૧૧૫ કરોડ સોલા હોસ્પિટલ સહિત ફાળવ્યા છે.

આ ઉપરાંત ગાંધીનગર ખાતે કાર્ડીયાક સેટેલાઈટ સેન્ટર ઉભુ કરવાની મહત્વની જાહેરાત કરી છે.

તેમણે ગાંધીનગર ખાતે આદિજાતિના બાળકો માટે અંગ્રેજી માધ્યમની સ્કૂલ શરૂ કરવાની વાત પણ આ પ્રવચનમાં કહી છે. આ ઉપરાંત ગાંધીનગર ખાતે સ્પોર્ટસ હોસ્ટેલ બનાવવાની પણ જાહેરાત કરી છે.

સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટને ઈન્સ્ટીટ્યુટ ઓફ એક્સલન્સ તરીકે ડેવલપ કરી નોલેજસીટી ગાંધીનગરની ઓળખના વધુ સુદ્રઢીકરણ માટે રૂ. ૪ કરોડની જોગવાઈ કરવાની જાહેરાત પણ કરાઈ છે.

રોડ એન્જીનીયરીંગમાં બદલાવનો સંકેત આપતાં રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર ખાતે રેલવે સ્ટેશન પાસે નિર્માણ પામી રહેલ સંકુલને મુખ્ય માર્ગ પર જોડતા રસ્તા પર રેલવે ટ્રેક નીચે અન્ડરબ્રીજનું બાંધકામ કરાશે અને તે માટે રૂ. ૧૫ કરોડની ખાસ જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે સુજલામ સુફલામ યોજના અંતર્ગત રૂ. ૧૦૭૪ કરોડના અંદાજીત ખર્ચવાળી પાંચ ઉધ્વહન સિંચાઈ યોજનાઓ થકી મહેસાણા-ગાંધીનગર જિલ્લાના ૧૮ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન કરાયુ છે.

# બજેટ પ્રવચન વચ્ચે કોંગ્રેસનો હોબાળો

**કોંગ્રેસના સભ્યોએ હંગામા અને વિરોધ બાદ વોકઆઉટ કર્યો : ભાજપ સરકારનું બજેટ માત્ર અલંકારિક શબ્દોથી મઢેલુ આંકડાકીય માયાજાળ સિવાય કંઇ નથી, ગુજરાતની નિર્દોષ પ્રજાને ભ્રામક વાતોથી છેતરે છેઃ કોંગ્રેસ**

અમદાવાદ,તા. ૨૦

રાજયના નાણાંમંત્રી નીતિન પટેલે આજે વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટેનું નાણાંકીય બજેટ રજૂ કર્યું ત્યારે કોંગ્રેસના સભ્યોએ જોરદાર વિરોધ, હંગામો અને હોબાળો મચાવ્યો હતો. જોરદાર સૂત્રોચ્ચાર અને હોબાળા વચ્ચે કોંગ્રેસના સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસના વોકઆઉટ બાદ નાણાંમંત્રી નીતિન પટેલે રાજયનું બજેટ રજૂ કર્યું હતું. જો કે, નાણાંમંત્રીના બજેટને વિરોધ પક્ષ કોંગ્રેસે આકરા શબ્દોમાં વખોડી કાઢયું હતું અને ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, આ બજેટ એ માત્ર અલંકારિક શબ્દોથી મઢેલુ આંકડાકીય માયાજાળ છે. તેમાં ૨૦૧૯નીઆગામી લોકસભાની તૈયારીઓનું પ્રતિબિંબ જોવા મળે છે. ગુજરાતની ભોળી અને નિર્દોષ પ્રજાને કાલ્પનિક અને ભ્રામક વાતોની માયાજાળમાં ફસાવવા સિવાય કોઇ કામ ભાજપ સરકાર કરતી નથી તેવો ગંભીર આક્ષેપ પણ કોંગ્રેસના ધારાસભ્યોએ કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યો સરકાર વિરોધી અને રૂપાણી સરકારના રાજીનામાંની માંગણી સાથે જોરદાર સૂત્રોચ્ચાર કરી ગૃહ ગજવી મૂકયું હતું. વિરોધપક્ષ કોંગ્રેસના સભ્યોએ કેગનો રિપોર્ટ વિધાનસભા સત્રની શરૂઆતમાં જ રજૂ કરવા માંગણી કરી હતી અને પ્રજાના પૈસે જે તાયફા કર્યા છે, તેની પાઈપાઈનો હિસાબ આપવા તાકીદે શ્વેતપત્ર બહાર પાડવા માંગણી કરી હતી. ગુજરાત વિધાનસભામાં આજે બપોરે એક વાગ્યે રાજયના



નાણાંમંત્રી નીતિન પટેલે રાજયનું નાણાંકીય બજેટ રજૂ કરવા માટે જેવા ઉભા થયા અને પોતાનું પ્રવચન શરૂ કર્યું કે, તરત જ કોંગ્રેસના સભ્યોએ ગુજરાતમાં ભાજપના ૨૨ વર્ષના શાસનનો હિસાબ માંગ્યો હતો અને પૃચ્છા કરી હતી કે, તમે લોકોને વિકાસ અને મોટા મોટા સપનાઓ બતાવી અત્યારસુધી છેતર્યા છે તો આજે ગૃહમાં ગુજરાતની પ્રજાને તેનો જવાબ આપો. ભાજપ સરકારે

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતની ચૂંટણીમાં આજે મતદાન

**૮૩ ઉમેદવારો વચ્ચે જંગ : ૨૮ બેઠકો પર સીધો જંગ : સૌથી વધુ ઉમેદવારો રાંધેજા-૨ બેઠક પર છે : સવારે ૮ થી ૫ મતદાન થશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકો માટે આજે મતદાન યોજાશે. આ માટે તમામ બુથો પર પોલિંગ પાર્ટી પહોંચી ચુકી છે.

તાલુકા પંચાયતની ૩૬ બેઠકો માટે ૮૩ ઉમેદવારો વચ્ચે આ જંગ ખેલાઈ રહ્યો છે. સૌથી વધુ ઉમેદવારો રાંધેજા-૨ સીટ પર નોંધાયેલા છે. આ ચૂંટણીમાં તાલુકા પંચાયત વિપક્ષના નેતા કુબેરજી ગોલ, મહોનજી ઠાકોર, યુવક કોંગ્રેસના ભાવેશ દેસાઈ, ગાંધીનગર તા. ભાજપના આઈ.બી. વાઘેલા, નંદુભાઈ પટેલ, દિપક પટેલ, રવિ પટેલ સહિતના અગ્રણીઓએ ઝુકાવ્યુ હોવાથી જંગ રોચક બન્યો છે.

તાલુકાની ૨૮ બેઠકો પર ભાજપ-કોંગ્રેસનો સીધો જંગ ખેલાઈ રહ્યો છે. ૨.૬૦ લાખથી પણ વધુ મતદારો આ જંગમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આ માટે ૩૦૧ બુથ બનાવવામાં આવ્યા છે. જે પૈકી ૫૦ જેટલા બુથો સંવેદનશીલ કેટેગરીમાં મુકવામાં આવેલા છે.

જિલ્લા પંચાયત કરતાં પણ વધુ બેઠકો ધરાવતી આ તાલુકા પંચાયતમાં કબ્જો મેળવવા માટે ભાજપ-કોંગ્રેસ બન્નેએ એડીચોટીનું જોર લગાવ્યુ છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ ૨૮ બેઠકો પરનો સીધો જંગ તાલુકામાં કોની પક્કડ વધુ મજબુત છે તે નક્કી કરશે. ગાંધીનગર તાલુકામાં ૭૨ થી પણ વધુ ગામ આવેલા છે. તંત્રએ આજે સવારે ૧૦ વાગે પોલીંગ પાર્ટીઓને ટેન્ડમાઈઝેશન કરી અન જે તે બુથો પર રવાના કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર



વિધાનસભા સંકુલમાં પોલીસ છાવણી - વિધાનસભા સત્રના વિધિવત આરંભને પગલે પોલીસ બંદોબસ્ત ચુસ્ત કરાયો છે... વિધાનસભા સત્ર દરમિયાન રેલીઓ અને દેખાવો સ્વાભાવિક થતાં હોવાના કારણે વિધાનસભા સંકુલમાં પોલીસ ગોઠવાઈ છે...

# શહેરમાં ગરમીનો પારો ઉચકાયો

**મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રીએ : ઠંડી અદશ્ય : રોજબરોજ મહત્તમ તાપમાન ઉંચકાતા દિવસે આકરી ગરમી અનુભવતા નગરજનો : ઠંડીનુ પ્રમાણ નહીંવત**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં વિધાનસભાના સત્રના પ્રારંભથી જ રાજકીય ગરમાવો જોવા મળી રહયો છે. જયારે બીજીતરફ વાતાવરણમાં પણ ગરમીનુ જોર વધતા નગરજનો બેબાકળા બની રહયા છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન રોજબરોજ નોંધપાત્ર વધી રહયુ છે. આજે પણ ગરમીનો પારો દોઢ ડી ગ્રી ઉપર આવ્યો હતો. મહત્તમ તાપમાન ૩૪.૬ ડી ગ્રી રહયુ હતુ. જેના લીધે દિવસના આકરા તાપ વચ્ચે નગરજનો રીતસર ગરમીમાં શેકાયા હતા. લઘુત્તમ તાપમાનમાં પણ દોઢ ડી ગ્રીનો ફેર જોવા મળતા લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડો તફાવત જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. ગમે ત્યારે મોસમમાં નાટયાત્ક પલ્ટો અનુભવતા શહેરીજનો ઋતુમિજાજથી સતત પ્રભાવિત રહે છે. ઠંડીનુ ઋતુમાં પણ વારંવાર પારાની ચઢઉતર વચ્ચે નગરજનો ઠંડી ગરમીની મિશ્ર ઋતુ અનુભવી રહયા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી વાતાવરણમાં ઠંડીનુ જોર ઘટી રહયુ છે. જો કે હવે મોડીરાત તેમજ વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે. પરંતુ દિવસનુ મહત્તમ તાપમાન રોજ બરોજ વધતા ઉનાળા જેવી આકરી ગરમી અનુભવતા નગરજનો શિયાળાએ વિદાય લઈ લીધી હોવાનો અહેસાસ કરી રહયા છે.

આવા સંજોગોમાં મહત્તમ તાપમાન વધવાની સાથે ઠંડીનુ પ્રમાણ પણ નોંધપાત્ર ઘટતા નગરજનો મોસમની અસરથી વિશેષ પ્રભાવિત જોવા મળી રહયા છે. ગઈકાલે મહત્તમ તાપમાન એક ડી ગ્રી વધીને ૩૩ ડી ગ્રી એ પહોંચ્યુ હતુ. જયારે આજે પણ મહત્તમ તાપમાનમાં દોઢ ડી ગ્રીનો વધારો નોંધાયો છે. અલબત્ત મહત્તમ તાપમાન ૩૪.૬ ડી ગ્રી સુધી પહોંચી જતા દિવસનો તાપ આકરો બન્યો હતો. હવે દિવસે ઉનાળા જેવી ગરમી અનુભવાતા ઓફિસ અને ઘરોમાં પંખા અને એ સી ધમધમી રહયા છે. જયારે સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર રીતે ઘટયુ છે. લઘુત્તમ તાપમાન પણ આજે ૧૬.૫ ડી ગ્રી પહોંચી જતા વાતાવરણમાં સાંજના સમયે પણ ઠંડીની અસર જોવા મળી ન હતી. મહત્તમ તાપમાન જે રીતે રોજ વધી રહયુ છે તે જોતા આગામી દિવસોમાં ગરમી વધુ આકરી બને તેમ પણ મનાઈ રહયુ છે.

# સેક્ટર-૮ અને સે-૨૪માં ૧૮૬ મકાનોમાં રીનોવેશનનુ કામ શરૂ

**3 કરોડનો ખર્ચનો અંદાજ : આગામી જુલાઇ મહીના સુધીમાં ચ-૧, છ અને જ કક્ષાના મકાનોનુ મજબુતીકરણ કરાશે**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં સરકારી આવાસોના રીનોવેશન માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સેકટરોમાં સ્થિત આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી તંત્ર દ્વારા આવાસોના મજબુતીકરણ માટે કામો હાથ ધરવામાં આવે છે. જે અન્વયે સે - ૮ અને સે-૨૪ માં ચ-૧ ,જ અને છ કક્ષાના મકાનોનુ મજબુતી કરણ કરવામાં આવી રહયુ છે. આ કામગીરી પાછળ રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી મોટાભાગના સરકારી મકાનો હાલ ભયજનક હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ત્યારે તંત્ર દ્વારા પણ જે મકાનોને મજબુતીકરણ અન્વયે સુધારણા હેઠળ લઈ શકાય તેમ હોય તેવા કિસ્સામાં રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ સદંતર કંગાળ અને જોખમી આવાસો તોડવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી. જેના અંતે આ મકાનો તોડી તેના સ્થાને નવા મકાનો બાંધવાની કામગીરી ચાલી રહી છે. જયારે હજુ પણ મકાનો તોડવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જયારે જુના મકાનોને યોગ્ય કરવા માટે રીનોવેશન પણ કરવામાં આવી રહયુ છે. જેને ધ્યાને લઈ સે-૮ અને સે-૨૪ માં મકાનોના રીનોવેશનને અનુલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં સે-૮ માં ચ-૧ કક્ષાના ૬૬ મકાનો તેમજ સે-૨૪ માં છ કક્ષાના ૮૪ યુનિટો અને જ કક્ષાના ૩૬ મકાનોના રીનોવેશનનુ કામ હાથ ધરાયુ છે. આ મકાનોને નવો લુક આપવાનુ કામ આગામી જુન મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે હજુ સેકટરોમાં મોટાભાગના મકાનો જોખમી હાલતમાં છે. ત્યારે રીનોવેશનની કામગીરી માટે નવી દરખાસ્તોને મંજુરી આપવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# એમ.યુ. પુરોહિતનું નિધન

ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ અને સિંચાઈ વિભાગના નિવૃત્ત સચિવ મહેન્દ્ર યુ. પુરોહિત (એમ. યુ. પુરોહિત)નું આજે ટુંકી માંદગી બાદ નિધન થયું છે. ધરોઈ અને કાંકરાપાર યોજનાના નિર્માણ મહત્વનું યોગદાન આપનાર એમ.યુ. પુરોહિત શહેરની સામાજીક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા હતા. તેમની ઈચ્છા મુજબ એમના પરિવાર દ્વારા મોડીસાંજે ગાંધીનગર મેડીકલ કૉલેજને દેહદાન કરાયું હતું.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com